# સેબરસ વેસ્ટર્ન ટાઇમ્સ

અર્ધ સાપ્તાહિક પૂર્તિ

બુધવાર, તા.૨૭ ફેબ્રુઆરી,૨૦૧૩




# બજેટ ૨૦૧૩-૨૦૧૪

## આમવર્ગ માટે મોંઘવારીનો એક વધુ ડોઝ

૨૮મી ફેબ્રુઆરીના રોજ રજુ થનાર કેન્દ્રનું બજેટ કેવું હશે? વિકાસલક્ષી હશે કે ચૂંટણીલક્ષી? મોંઘવારી ઘટશે કે વધશે? આવી અનો અટકળો સેવાઈ રહી છે. ત્યારે અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે બજેટ સામાન્ય હશે, તથા આમવર્ગને ધ્યાનમાં રાખી તૈયાર કરાયું હશે; પરંતુ કેટલાક તજજ્ઞોનું માનવું છે કે નવા



કરવેરાવાળુ આ બજેટ સામાન્ય વર્ગના માનવીની કેડ તોડનારુ હશે. આર્થિક વિકાસની વાતો ઘણી થાય છે, પરંતુગાડી હજુ પાટા પર ચઢી નથી. સરકારી લમલુટ ખર્ચાઓ ઘટવાને બદલે વધતા જ જાય છે. પરિણામે યુ.પી.એ. સરકાર મોંઘવારી અંકુશમાં લાવી શકતી નથી. એમ ઘણાનું માનવું છે.પહેલા લોકો બજેટના દિવસની આતુરતાપૂર્વક રાહ જોતા હતા, કારણકે બજેટ પડતા જ ચીજવસ્તુઓના ભાવ ઘટશે કે વધશે તેઓ તુરંતજ ખ્યાલ આવી જતો; પરંતુ યુ.પી.એ. સરકારના શાસનમાં તો ગમે ત્યારે, ગમે તે ચીજવસ્તુઓના ભાવો વધી જતાં હોય છે. ૨૬મી ફેબ્રુઆરીના રોજ રેલબજેટની તારીખ નજદીક હતી તેમ છતાં રેલમંત્રી પવનસાથે બજેટની રાહ જોયા ધીરજ રેલ્વેના દરમાં વધારો કરી સામાન્ય પ્રજાને આંચકો આવ્યો, પેટ્રોલ-ડીઝલના ભાવો હવે છાશવારે વધતા જાય છે. કારણ કે સરકારે જે નિયંત્રણો હતાં તે ઉઠાવી લીધા જેથી સામાન્ય વર્ગનો મરો થયો. ૨૦૧૩-૨૦૧૪ના બજેટમાં રાહતની વાત નથી પરંતુ કર બોજાવાળુ તથા મોંઘવારી વધારનારું બજેટ હશે; અને મોંઘવારીનો વધુ માર સહન કરવા પ્રજાએ તૈયારી રાખવી પડશે.

બજેટ પહેલાના ભાવવધારાના મારાએ મોંઘવારીનો છુટો દોર આવ્યો છે. એક તરફ કુદરતી હવામાન ડામાડોળ છે.ત્યારે આર્થિક હવામાનને પણ સરકાર ડહોળી રહી છે. સરકાર ભલે ઢોલ પીટીપીટીને કહે કે સરકાર આર્થિક પરિવર્તનના પગલા લીધા છે. પરંતુ એ પગલા એવા લીધા છે કે મોંઘવારી ઘટવાને બદલે વધી રહી છે. જે જરા સત્ય છે અને યુ.પી.એ. સરકારની ૧૦૦ દિવસમાં મોંઘવારીમાં ઘટાડવાની વાત તદ્દન પોકળ નીવડી છે. તેમ કહેવામાં જરાપણ અતિશયોકતો નથી કે કેન્દ્ર સરકાર મોંઘવારીના રાક્ષસને પોષી રહી છે. ૧૯૯૧થી આર્થિક સુધારણાનો પ્રારંભ થયો જેને

**કોંગ્રેસ માટે બજેટ ૮ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ તથા લોકસભાની ચૂંટણી બીટમસ ટેસ્ટ બનશેઃ મોંઘવારી અંકુશમાં લાવવાની સરકારની વાતો ધૂળમાં રગદોળાઈ**

આજે બે દાયકાથી વધુ સમય થયો પરંતુ આજે પરીસ્થિતિ એવી સર્જાઈ છે કે ૨૦૦૩-૨૦૦૮ દરમ્યાન જી.ડી.પી.વૃદ્ધિ દર જે સરેરાશ વાર્ષિક ૯ ટકા હતો તે ૨૦૧૧-૧૨માં ઘટીને ૬.૫ ટકા થયો. અને ચાલુ વર્ષમાં આ આંક ૬ ટકા થશે તેમ તજજ્ઞો માની રહયાં છે. શું આ છે. આર્થિક સુધારણાનું પરીણામ સરકાર આને માટે વૈશ્વિક મંદી કારણભૂત ગણાવી રહી છે. જે માગ પાંગળો બચાવ જ છે.

અર્થશાસ્ત્રનો એક સામાન્ય નિયમ છે કે જે ક્ષેત્ર રોજગારી આપતું હોય તેના વિકાસ પર જ મળી શકે અને તેમ થવાથી આવક પણ વધે. વિકાસ વૃદ્ધિ માટે રોકાણ એ અગત્યની બાબત છે; પરંતુ રોકાણ કયા ક્ષેત્રમાં કરવું કે જેથી બેરોજગારી ઘટે તેનો અભ્યાસ કરવો પણ જરૂરી છે. પરંતુ સરકારની એક જ નીતિ રહી છે. જેનાથી બેરોજગારી, અસમાનતા, કુપોષણ જેવી સમસ્યા વણઉકેલી જ રહે. બેકારી તથા મોંઘવારીને કારણે આત્મહત્યાના બનાવોના પણ છેલ્લા વર્ષમાં ઉછાળો આવ્યો છે.કોગ્રેસ હંમેશા કહે છે કે તેમની નીતિ સામાન્યવર્ગ સુધી પહોંચવાની છે. કોંગ્રેસના નવા વરાયેલા વાઈસ પ્રેસીડન્ટ રાહુલગાંધી યુવાન છે. ધગશી પણ છે. અને તેથી તેઓએ તાજેતરમાં કોંગ્રેસ કાર્યકર્તાઓને સંબોધતા મધ્યમવર્ગ સુધી પહોચવા તથા તેમની સમસ્યાઓ હળ કરવા જણાયું છે. પરંતુ કોંગ્રેસના કાર્યકરો જ નહી પણ અગ્રણીઓ પણ મધ્યમવર્ગ સુધી પહોંચવામાં મુંઝવણમાં આવે છે. કારણકે લોકો પહેલો પ્રશ્ન પુછે છે કે મોંઘવારી કયારે ઘટાડશો? બજેટબાદ દરેક ચીજ-વસ્તુઓના ભાવો ઉછાળો આવશે, જે કોંગ્રેસ માટે કમનસીબી સમાન હશે. આ વખતના બજેટમાં ફરીથી એસ્ટેટ ડેપ્યુટી નાંખવાનો વિચાર કરી રહી હોવાનું જાણવા મળે છે ૧૯૫૩માં ૧૯૫૩ના નાણાંકીય કાયદાઅનુસાર પ્રથમ વખત એસ્ટેટ ડેપ્યુટી અમલમાં આવી હતી જે ૧૬મી માર્ચ ૧૯૮૫ થી રદ કરવામાં આવી હતી. તેના કારણમાં તેની આવક કરતા, તેની પાછા થતો સરકારી ખર્ચ અનેકગણો વધારો થતો હતો એક વખત અસફળ રહેલ એસ્ટેટ ડયુટી યુગઃ શરૂ કરવા પાછળ સરકારનો ઈરાદો વધુ આવક ભેગી કરવાનો હોઈ શકે, પરંતુ ભુતકાળના અનુભવ બાર એસ્ટેટ ડયુટી'' પુનઃ દાખલ કરવી યોગ્ય છે? તેને માટે તજજ્ઞોમાં અનેક મતમતાંતરો હોવાનું પણ જાણવામાં આવશે.

બજેટ બાદ તુરંત જ ૮ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ તથા ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી આવી રહી છે. બજેટબાદ ચીજવસ્તુઓના ભાવમાં ઉછાળો આદર્શ તો જે રાજયમાં હાલમાં કોંગ્રેસને શાસન કે ત્યાં પણ શાસન ગુમાવવાનો વારો આવશે તે ડર કોંગ્રેસીઓને સતાવી રહયા છે. મોંઘવારીના ભારથી પ્રજા એટલી ત્રસ્ત બની છે કે આ સંજોગોમાં પ્રજાનો આક્રોશ શાંત પાડવો રાહુલગાંધી માટે પણ અશકય છે. યુ.પી.એ. સરકાર હજુ આ દિશા તરફ ગંભીર બની નથી દેશમાં અસમતોલ અને અસમાન વિકાસ જોવા મળી રહયાં છે. રાજકોષીય ખાધ વધી રહી છે. જયારે વિકાસદરો નીચે જઈ રહયા છે. બજેટ ખાદ્ય ઘટાડવા નાણામંત્રી પી.ચિંદમ્બરમ ટેક્ષો નાંખવા વિચારી રહયા છે. પરંતુ તેમને ડર છે. સાચી પક્ષોનો પરંતુ તેઓ નિશ્ચિત પણ છે કે સાથી પક્ષોનો વિરોધ શાંત પાડવા તેવો સમર્થ છે. સાચી પક્ષોમાં સૌથી વધુ સભ્યો ધરાવતો પક્ષ ડી.એમ.કે. છે; પરંતુ ભ્રષ્ટાચારમાં ડૂબેલો આ પક્ષ પાંગળો બની ગયો છે.બજેટ આવતા પહેલાં થતાં વિશ્લેષણોનો અભ્યાસ કરતાં જોવા મળશે કે બજેટમાં નવા કરવેરા નાંખ્યા વગર કેન્દ્ર સરકાર પાસે કોઈ વિકલ્પ નથી; સિવાય કે તેમના ઉડાઉ ખર્ચા બંધ કરે યા અંકુશ મુકે જે શકય નથી. જે સરકાર મોંઘવારી પર અંકુશ મુકી શકતી નથી, પરંતુ ઉલટાનું નિયંત્રણો ઉઠાવી લેવાની યોજના ઘડે છે. પછી મોંઘવારી વધે તેમાં કોઈ શંકા નથી. જેમજેમ મોંઘવારી વધતી જાય છે. તેમતેમ પ્રજાનો આક્રોશ પણ વધતો જાય છે. અને આજ મોંઘવારી આગામી લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીમાં કાલ બની કોંગ્રેસને ભરખી જશે તેવા સંકેત મળે છે.

યુ.પી.એ.સરકારનું આ સામાન્ય બજેટ ચૂંટણીલક્ષી બને, સામાન્ય વર્ગને રાહત થાય તેવું હોય તે માટે વડાપ્રધાન ડો. મનમોહનસિંહ, કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અથાગ પ્રયાસો કરી રહયા છે. જોવાનું રહયું કે તેમાં તેઓ કેટલા સફળ થશે?

**-ભરત દેસાઈ**

---

# ઉચ્ચ શિક્ષણમાં 'ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા'

**ડૉ.વલ્લભભાઈ વી મયાણી**

સરકારી સહાયથી ચાલતી વિશ્વવિદ્યાલયોમાં પ્રાધ્યાપક, શહપ્રધ્યાપક (રીડર) મદદનીશ પ્રાધ્યાપક વગેરેને સંવર્ગ પ્રમાણે પગાર ધોરણ અને લાભ યુ.જી.સી.ના ધારા ધોરણ મુજબ મળે છે. શિક્ષકોએ યુજીસીના ધારા ધોરણ મુજબ, અઠવાડિયાના ભણાવવાના તાસ પ્રત્યક્ષ, નિયત ઓફિસમાં વિદ્યાર્થીઓ માટે સંપર્ક સમયે હાજરી વગેરેની ફરજ અને શિસ્ત અનુસરવાના છે. છતાં દરેક ફેકલ્ટીમાં શિક્ષણનો સમય પધ્ધતિ વગેરેમાં મોટો તફાવત જોવામાં મળે છે.

કેટલીક વિશ્વ વિદ્યાલયના શિક્ષકો ફરજ પાલન અને શિસ્ત માટે જાગૃત છે. કેટલાક શિક્ષકો પગાર ભથ્થાના લાભ લેવામાં જાગૃત છે. ફરજ પાલન અને શિસ્તમાં જાગૃત નથી. શિક્ષકો કોટ, પેન્ટ, ટાઈ, મોજા, બૂટ, ગોગલ્સ (સારૂવ્યક્તિત્વ) પહેરી કાર કે બાઈક પર આવે છે. ચોક સ્ટીકસ હાથમાં રમાડતાં રમાડતાં વર્ગ ખંડમાં દાખલ થાય છે. પોણો કે એક કલાક એક તરફી ભાષણનો ધોધ વહાડાવી રમય પુરો થતાં બીજા શિક્ષકની રાહ જોવા સિવાય હાથ ખંખેરતા ખેખેરતા બાઈકને કીક મારી કે કારનું સ્ટીયસીંગ પકડીને જતા રહે છે. વિદ્યાર્થીને સમજાયું ન સમજાયું કે મુશ્કેલી માટે પરવા કરતા નથી. પ્રોફેસર સાહેબ હવે ક્યારે મળશે કે ક્યારે આવશે તે નક્કી નથી. (લેકચર સિવાય) પણ ૧ લી તારીખે પગાર લેવા ફરજીયાત આવે છે. વર્ગખંડમાં બીજા શિક્ષક આવે ત્યાં સુધી બહાર દેકારા, પડકારા, મશ્કરી મજાક, તિખળ (વિદ્યાર્થીનીઓ પ્રત્યે) કરે છે. કોઈ દેખરેખ રાખનાર નથી. શિસ્ત કુવામાં હોય તો હવાડામાં આવે ને ! હક્ક માંગવામાં જેટલા સજાગ છે. એટલા ફરજ અને શિસ્ત પ્રત્યે સજાગ થવાની જરૂરિયાત છે.

**વિદ્યાર્થીને સમજાયું ન સમજાયું કે મુશ્કેલી માટે પરવા કરતા નથી. પ્રોફેસર સાહેબ હવે ક્યારે મળશે કે ક્યારે આવશે તે નક્કી નથી**

ગુજરાતમાં જ કૃષિયુનિવર્સિટીઓ છે. (ગુજરાત કૃષિ યુનિવર્સિટી લખીશુ) ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટીએ શિસ્ત, ફરજ પાલન અને શિક્ષણ પધ્ધતિનું સારુ વાતાવરણ વિકસાવ્યું છે. જે અન્ય યુનિવર્સિટીઓએ અભ્યાસ કરીને અપનાવવા જેવું છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં શિક્ષકોના પગાર ધોરણ અને લાભો અન્ય યુનિવર્સિટી જેવા છે. ગુજરાત કૃષિ યુનિવસિટીનો શિક્ષક એકલો શિક્ષક જ નથી. વર્ગ ખંડમાં શિક્ષક છે. પ્રયોગ શાળામાં નિદર્શક છે. સંશોધન ફાર્મ પર કૃષિ વૈજ્ઞાનિક છે. ખેતી ખાતાના અધિકારી સાથે માર્ગદર્શક છે. ગામડામાં ખેડૂતના ખેતરે, સાગરખેડૂ, પશુપાલક, દૂધ ઉત્પાદક વનબંધુ વગેરે સાથે સલાહકાર અને મિત્ર છે. વર્ગ ખંડ બહાર વિદ્યાર્થીઓ વાલી કે વડિલ છે. ગુજરાત કૃષિ યુનિવસિટીના શિક્ષકોને વિદ્યાર્થી ૨૪ કલાક દરમ્યાન ગમે ત્યારે મળા શકે છે. શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધો આત્મીય અને કૌટોમ્બિક છે. શિક્ષકો છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન ભણેલા વિદ્યાર્થીઓને નામથી ઓળખે છે. અન્ય યુનિવર્સિટીઓમાં આવું વાતાવરણ ભાગ્યે જ જોવા મળે છે. જે શિક્ષક વર્ગ ખંડમાં બૌધિક (થીએરી) ભણાવે છે. એજ શિક્ષક પ્રયોગશાળામાં પ્રત્યક્ષ (પ્રેકટીકલ) શીખવાડે છે. બૌધિક પ્રત્યક્ષમાંથી ઉદ્ભવે છે. કોઈપણ વિષયમાં પ્રત્યક્ષ વગરનું ભણતર ગણતર વગરનું છે. જીવનમાં વિષયની વાસ્તવિક ઉપયોગીતા શીખવી જરૂરી છે.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો શિક્ષક વર્ગખંડમાં ૪૫ મિનિય ભણાવે છે. પંદર મિનિટ વિદ્યાર્થીને ન સમજાયું હોય તે દુર કરે છે. અથવા સામેથી પ્રશ્ન પૂછીને વિદ્યાર્થીની ગ્રહણ શક્તિનું મૂલ્યાંકન કરે છે. અને બીજા શિક્ષક આવ્યા સુધી ચર્ચા ચાલુ રાખે છે. શિક્ષકે વર્ગ ખંડ પુરો કર્યા બાદ પ્રયોગશાળા, નિયત ઓફિસ કે સંશોધન ફાર્મ પર ૮ કલાક વિદ્યાર્થીને સંપર્ક માટે પ્રાપ્ય છે.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો શિક્ષક વર્ગખંડમાંથી ભણાવી સંશોધન ફાર્મ પર જાય ત્યારે કોટ-ટાઈ ફાર્મના શેઢાના ઝાડે લટકાવી, બુટ-મોજા ફાર્મના શેઢા પાળે ચઢાવીને ઉઘાડે પગે કીચડ, કાદવ, કાંટા, કાંકરા ઝેરી જીવજંતુ કે વીછીની પરવા કર્યા વગર તડકો ટાઢ અને વરસાદમાં અખતરાના આવલોકન લેવાની કઠીન કે કપરી કામગીરી કરેછે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીના શિક્ષકને ફરજનો ૮ કલાકનો સમય બંધન કરતા નથી. ક્યારેક રાત પડી અંધારૂ થઈ જાય છે. આવા કપરા ઓવર ટાઈમ કરવા છતાં વધારાનો સમય કૃષિ યુનિવર્સિટી કે સરકારને ચોપડે નોધાયો નથી. શિક્ષકો માનસિક રીતે ૨૪ કલાક પાક, પશુ, પંખી, માછલા અને જંગલી જાનવરોની ચિંતા કરે છે. ગુજરાત કૃષિ યુનિર્વિસીટીનો શિક્ષક ઘરે જાય ત્યારે તેનું મોઢુ, વાળ અને કપડા સફેદ છારી (એરંડા જીવારની) જુલી (બાજરામકાઈના એથર) છાણ મૂત્ર (ગાય-ભેંસ) અને દુર્ગંધ (જંગલી પ્રાણીઓ માછલા) થી ખરડાયેલ હોય છે. ઘરે પત્નિ અને બાળકો ઓળખી શકતા નથી.

રાજકીય માણસો ભલે હું કરું છું. એજ અજ્ઞાનતા શકટ ભાર જેમ શ્વાન તાણે' કરતાં, હોય પણ ગુજરાતની પ્રગતિ કૃષિ યુનિવર્સિટીના કાર્યનિષ્ઠ શિક્ષકો, કૃષિ વૈજ્ઞાનિકો, ખેતીવાડી ખાતાના પ્રમાણિક અધિકારીઓ અને કોઠા સુઝવાળા સખત પરિશ્રમ કરનાર ખેડૂતોને આભારી છે. શિક્ષકની કાર્યનિષ્ઠા વફાદારી, પ્રમાણિકતા અને રાષ્ટ્રીય ભાવનાના ગુણો વિદ્યાર્થીઓમાં આપોઆપ પ્રસ્થાપિત થાય છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીના શિક્ષકો કે કૃષિ વૈજ્ઞાનિકોએ ઓવર-ટાઈમ, જોખમી ફરજ કે કપરી કામગીરીનું વળતર માંગ્યું નથી. જે આપ્યું તેમાં સંતોષ માન્યો છે. લોકશાહી સરકારે કૃષિ યુનિવર્સિટીના શિક્ષકો અને કૃષિ વૈજ્ઞાનિકોને અન્ય યુનિવર્સિટીના શિક્ષકોથી વિશિષ્ટ અને જોખમી અને સમય મર્યાદાથી વધારે ખાસ ફરજ સમજી કદર અને પ્રોત્સાહન આપવાની જરૂર છે. સરકારે ટકે શેર ભાજી અને ટકે શેર ભાજી' જેવી નીતીમાંથી બહાર આપવાની જરૂર છે. બીજા શબ્દોમાં કહીએ તો ઘોડા અને ગધેડાને સરખા ખાણદાણની નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે.

સરકારે ખેડૂતને જગતનો તાત. પશુપાલકને ગોપલશ્રીકૃષ્ણ અને વનબંધુને 'શ્રી રામ કહીને અને કૃષિ યુનિવર્સિટીની શિક્ષકોને કૃષિ વૈજ્ઞાનિકો કહીને ખોટા ફુલાવીને શોષણ કર્યું છે. પોષણક્ષમ આર્થિક મળતર મળવા દીધું નથી. જેથી આજે ભારતના ગામડા, ખેડૂત અને ખેતી ભાંગી રહ્યા છે.

મેડીકલમાં ડીગ્રી મેળવતાં પહેલાની 'ઈન્ટરશીપ' અને કૃષિ યુનિવર્સિટીની બધી ફેકલ્ટીની ડીગ્રી મેળવતા પહેલા 'રાવે' કાર્યક્રમ (રૂરલ એન્ડ એગ્રીકલચરલ વર્કર્સ એકસપીરીયન્સ ) નો હેતુ સરખો છે. છતાં મેડીકલની દરેક ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ઈન્ટરશીપના એક વર્ષ દરમ્યાન રૂા. ૧૦-૧૫ હજાર માસિક સ્ટાઈપેન્ડ મળે છે. જ્યારે ગુજરાત કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'રાવે' કાર્યક્રમ દરમ્યાન (૭મુ સેમેસ્ટર) છ મહિનાના ફક્ત રૂા. ૨૦૦૦ થી ૨૫૦૦ મળે છે. જે વિદ્યાર્થીઓને છ મહિના ગામડે જવાની ટીકીટ પુરતાં પણ નથી. કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ 'રાવે' કાર્યક્રમ દરમ્યાન ખેડૂતના ખેતરે, પશુપાલકો અને દૂધ ઉત્પાદકોના ઘેટા બકરાની બોડ, અને દૂર દુધાળ જાનવરોના તબેલે સાગર ખેડૂ સાથે જોખમી દરિયામાં અને વન બંધુઓને સલાહ આપવા જંગલમાં જવાનું હોય છે. એટલું જ નહીં પણ તેઓને સલાહ અને સેવા આપવાની સંતોષકારતા સાબિત કરી બતાવવાની છે. સરકારે કોઈ રીતે ભારત કૃષિ પ્રધાન દેશના કૃષિ સંબંધિત સ્નાતકોની કદર કે પ્રોત્સાહન પુરા પાડ્યા નથી. સરકાર તરફથી કદર અને પ્રોત્સાહન જરૂરી છે.

મેડીકલની કોઈપણ ફેકલ્ટીમાં અનુસ્નાતકનો અભ્યાસ કરનારને માસિક રૂા. ૧૫૦૦૦-૨૫૦૦૦ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જ્યારે કૃષિમાં વિદ્યાર્થીએ પોતાના ખર્ચે જ અનુસ્નાતકની ડીગ્રી લેવી પડે છે. કૃષિ સંબંધિત સ્નાતકોની સેવાની જરૂરિયાત પાયાની જરૂરિયાત છે. જીવન જરૂરિયાતની વસ્તુ પેદા કરવા સાથે સંબંધ ધરાવે છે. મેડીકલ સેવા કરતા પણ અગત્યની છે.

ગુજરાતની સ્થાપના વખતે સ્વ. ઉત્સવભાઈ પરીખ તે વખતના કૃષિ મંત્રીશ્રીએ કૃષિ સ્નાતકોને માર ઈજાફા પગારમાં વધારો આપી કદર અને પ્રોત્સાહન પુરા પાડ્યા હતા. ગુજરાત ત્રીજી, ચોથી અને પાંચમી પંચ વર્ષિય યોજના દરમ્યાન કૃષિમાં થયેલા વિકાસના ફળ આજે ખાય છે.

લોકશાહી સરકારના કૃષિમંત્રી અને શિક્ષણ મંત્રીએ ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાંથી અન્ય યુનિવર્સિટીઓ માટે ઘણું જ લેવા જેવું છે. જેનો અભ્યાસ કરી અમલ કરવો જોઈએ.મેડીકલમાં ડીગ્રી મેળવતાં પહેલાની 'ઈન્ટરશીપ' અને કૃષિ યુનિવર્સિટીની બધી ફેકલ્ટીની ડીગ્રી મેળવતા પહેલા 'રાવે' કાર્યક્રમ (રૂરલ એન્ડ એગ્રીકલચરલ વર્કર્સ એક્સપીરીયન્સ ) નો હેતુ સરખો છે. છતાં મેડીકલની દરેક ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ઈન્ટરશીપના એક વર્ષ દરમ્યાન રૂા. ૧૦-૧૫ હજાર માસિક સ્ટાઈપેન્ડ મળે છે. જ્યારે ગુજરાત કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'રાવે' કાર્યક્રમ દરમ્યાન (૭મુ સેમેસ્ટર) છ મહિનાના ફક્ત ત્યારે કોટ-ટાઈ ફાર્મના શેઢાના ઝાડે લટકાવી, બુટ-મોજા ફાર્મના શેઢા પાળે ચઢાવીને ઉઘાડે પગે કીચડ, કાદવ, કાંટા, કાંકરા ઝેરી જીવજંતુ કે વીછીની પરવા કર્યા વગર તડકો ટાઢ અને વરસાદમાં અખતરાના આવલોકન લેવાની કઠીન કે કપરી કામગીરી કરેછે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીના શિક્ષકને ફરજનો ૮ કલાકનો સમય બંધન કરતા નથી. ક્યારેક રાત પડી અંધારૂ થઈ જાય છે. આવા કપરા ઓવર ટાઈમ કરવા છતાં વધારાનો સમય કૃષિ યુનિવર્સિટી કે સરકારને ચોપડે નોધાયો નથી. શિક્ષકો માનસિક રીતે ૨૪ કલાક પાક, પશુ, પંખી, માછલા અને જંગલી જાનવરોની ચિંતા કરે છે. ગુજરાત કૃષિ યુનિર્વિસીટીનો શિક્ષક ઘરે જાય ત્યારે તેનું મોઢુ, વાળ અને કપડા સફેદ છારી (એરંડા જીવારની) જુલી (બાજરામકાઈના એથર) છાણ મૂત્ર (ગાય-ભેંસ) અને દુર્ગંધ (જંગલી પ્રાણીઓ માછલા) થી ખરડાયેલ હોય છે. ઘરે પત્નિ અને બાળકો ઓળખી શકતા નથી.

---

# શું હિસાબ લખવામાં નવી પેઢી વધુને વધુ આળસું બની રહી છે ?

બીજા લોકોની વાત છોડો, મને ખુદનેય હિસાબ લખવાનું આવડતુંય નથી અને ગમતુંય નથી. જેટલી વખત હિસાબ લખવાના પ્રયોગો કર્યા છે એટલી વખત મારા ગોટાળા મને નજરે ચઢ્યા છે. કાંતો લખેલા હિસાબ કરતાં મારી પાસે રોકડ રકમ વધુહોય કાં તો ઓછી હોય, અપવાદરૂપેય કદી મારે જમા-ઉધારનો મેળ બેઠો નથી. હિસાબ લખવાની મારી ગેરલાયકાતને કારણે હું કદી કોઈની સાથે ઉછીના પૈસાની લેવડ-દેવડ કરતો નથી. ક્યારેય વ્યવહાર કરવો પડ્યો હોય તો એ જ દિવસે તેનો હિસાબ ચૂક્તે કરવાની કોશિશ કરૂ છું. ક્યારેય કોઈ ચીજ ઉધાર ખરીદી નથી. પૈસાની સગવડ ન હોય તો વસ્તુ વગર ચલાવી લેવાનું પણ ઉધારનું નામ નહી લેવાનું મારુ આકસ્મિક મૃત્યુ થાય તો મારા ઘેર કોઈ ઉઘરાણીવાળો નહીં આવે એની મારી ફેમિલીને પાકી ખાતરી છે.

હિસાબ લખતાં ન આવડવો એ જાણે મારી બહુ મોટી વિશેષતા હોય એવો માહોલ મે સર્જી નાખ્યો, નહીં? હિસાબ-કિતાબમાં જે નિયમિત ન હોય, ચોકસાઈવાળો ન હોય તે માણસ કદી કરોડપતિ ન બની શકે તેનું જીવતું -જાગતું ઉદાહરણ હું છું. અને હું જેટલા લોકોને ઓળખું છું. જાણુ છું. એમાં હિસાબ લખવાની સંપૂર્ણ ચીવટ રાખનારા માણસો માંડ બે-ત્રણ ટકા હશે. મને ઘણી વખત દહેશત થાય છે કે શું નવી જનરેશન હિસાબ કિતાબમાં વધુને વધુ લોથાર્જિક તો નથી બની રહીને ?

મોટા ભાગના યુવાનોને તેમનાં ખિસ્સામાં કેટલા પૈસા છે તેની ખબર હોતી નથી. ખૂટે ત્યારે ઘેરથી નવી રકમ ખિસ્સામાં મુકી દે અથવા બેન્કમાંથી લઈ લે, પણ છેલ્લે કેટલી રકમ હતી... એમાંથી કેટલી રકમ ખર્ચાઈ અને હવે કેટલીક રકમ બચી છે એની જાણકારી ભાગ્યે જ તે રાખે છે. એમાંય હિસાબ લખવાનું તો જાણે તેને બહું જુનવાણી લાગે છે. આઈપેડમાં કે બીજા કોઈ પણ ઉપકરણમાં વડીલોનો આગ્રહ હોય તો ઉપરછલ્લો હિસાબ રાખશે, પરંતુ તે ડાયરી કે ચોપડો તો ભાગ્યે જ લખશે.

નવી જનરેશન માત્ર હિસાબ લખવાની બાબતમાં જ નહીં, પણ કાગળ અને પેનનો ઉપયોગ કરવામાંય હવે બહુ આળસુ બની રહી છે, એ તરફ હવે આઉટેડેટેટ થતું જાય છે, હવે તો કાંઈ પણ વાત કરવાની હોય તો મોબાઈલ્સથી તરત વાત કરવામાં આવશે કાં તો એસએમએસ કે મેઈલ કરવામાં આવશે. પેન વડે કાગળ ઉપર કાંઈ લખવાનું નવી જનરેશન માટે દુર્લભ બની રહ્યુ છે. હા, અભ્યાસ દરમ્યાન શાળા-કોલેજમાં તે ઘણુ લખે છે, પણ અભ્યાસ પુરો થતાં જ લખવાની હેબિટ ક્રમશઃ છુટી જાય છે.

**ઘણા લોકો હિસાબ તો લખે છે, પણ ફક્ત એ દેખાવ પૂરતો અને પોતાની સગવડ પ્રમાણે. ગમે તેમ કરીને તેમને જમા-ઉધારનાં પાસાં સમતોલ કરી નાંખવાં છે, પણ એવા હિસાબ લખવાનો શો અર્થ?**

હિસાબ લખવો અને ચીવટપૂર્વક હિસાબ લખવો એ કોઈ પણ વ્યક્તિ માટે અત્યંત મહત્વની વિકાસકેડી છે. એ હિસાબ ભલે આપણે કોઈને બતાવવાનો કે મંજુર કરાવવાનો ન હોય તો પણ આપણી જાણકારી માટે એ અનિવાર્ય છે. વર્ષને અંતે કેટલી રકમ ક્યાં ખર્ચાઈ એ જાણ્યા પછી યોગ્ય આયોજન અને વ્યવસ્થા કરવાનું શક્ય બનશે. કોઈ મોટી-મોઘી ચીજ ખરીદવી હશે તો એનું પ્લાનિંગ કરવાનું ઈઝી પડશે.

હિસાબ લખવાનો સૌથી મોટો ફાયદો તો એ છે કે જો તે વ્યક્તિનું કોઈ આકસ્મિક અવસાન થઈ જાય તો તેની ફેમિલીને પછીના વ્યવહારોમાં કશી ગૂંટવણ કે મૂંઝવણ રહેતી નથી. બીજો ફાયદો એ થાય છે કે આપણે કંઈ બાબતમાં વધારે પડતો ખોટો ખર્ચ કરી રહ્યા છીએ એનો ખ્યાલ આવી જવાને કારણે એ ખર્ચ પર બ્રેક મારવાનું સૂઝે છે.

હમણાં ગયા અઠવાડિયે જ એક સ્નેહીએ પોતાનો હિસાબ તપાસ્યો. તે સ્નેહીને પણ મારી જેમ સિગારેટનું વ્યસન છે. રોજના બે પાકીટ સિગારેટ એટલે લગભગ એંશી રૂપિયા... મહિનાના અંદાજે પચીસસો રૂપિયા. તેમને હિસાબ વાંચીને ઝટકો લાગ્યો. મનમાં વિચાર્યું કે ત્રીસ હજાર રૂપિયાની રકમ તો એકાદ નાનકડો પ્રવાસ થઈ શકે. એટલી રકમની ગિફ્ટ દર વર્ષે પત્નીને આપીએ તો સદા પ્રસન્ન રહે. ઘણું-ઘણું થઈ શકે. ઘણી એવી ફેમિલી પણ હશે, જેનો રોજનો સંપૂર્ણ ઘરખર્ચ પણ એંસી રૂપિયા અને નહી પરવડતો હોય. આ ઉપરાંત વ્યસનને કારણે ભવિષ્ય ગંભીર રોગ થવાની સંભાવના વધે. બીમારી આવે એટલે વધારાનો ખર્ચ પણ થાય. એને કારણે દરરોજ એંસી રૂપિયામાં ફ્રૂટ્સ -ડ્રાયફ્રૂટ ખાંધા સારા. એવું તે સ્નેહીએ વિચાર્યું અને તેમણે સિગારેટ છોડીને એની બચતમાં જિમ જોઈન કર્યું ! હવે તો રોજ સવારે જિમમાં જાય છે. હિસાબ લખવાનો આ રોકડો ફાયદો ગણાય કે નહીં ?

હિસાબ લખવાને કારણે કોઈના સામાજિક પ્રસંગે કેટલો કેવો વ્યવહાર કરવો જોઈએ એ સમજવાનું આસાન થઈ જાય છે. આપણે ત્યાં અવસર પ્રસંગે કોણે કેટલો વ્યવહાર કર્યો હતો. એની નોધ હોય તો તેને ત્યાં વ્યવહાર કરવાનો આવે ત્યારે આપણે સાવધાન રહી શકીશું. ઘણી વખત વ્યવહારની નાની-નાની બાબતમાં અંગત સંબંધો નંદવાઈ જતા હોય છે. આપણો બદ્ઈરાદો ન હોય છતાં ભૂલથી ઓછો વ્યવહાર કરીને આપણે સંબંધ ખોઈ બેસીએ છીએ, એજ રીતે ઘણી વખત જ્યાં જરૂર જ ન હોય તેવા સ્વાર્થી-કપિ લોકો સાથે ઉદાર વ્યવહાર કરીને આપણે ખોટનો ધંધો કરી બેસીએ છીએ. હિસાબ નહી લખવાનું કારણ !

હિસાબ લખવાને કારણે ક્યાં કરકસર કરી શકાય છે એ જાણવાનું શક્ય બને છે. એમાંથી બચત કરવાનું અને ફ્યુચરના સુખને સિક્યોર કરવાનું પણ ગાઈડન્સ મળે છે. ઘણા લોકોને ત્યાં તમે જોયું જ હશે કે પગાર હાથમાં આવ્યો હોય એના થોડા દિવસ ઉડાઉ ખર્ચા કરીને તે જલસા માણશે. પછી આખર તારીખોમાં ઉછીના પૈસા માગવા કે ઉધાર ચીજો ખરીદવાની ગરજ પડશે ! પ્લાનિંગ ન હોય ત્યારે આવું જ બને ને !

### ગૃહિણીઓના હિસાબ

ઘણા લોકો હિસાબ રાખે છે. લખે છે, પણ એ બધું દેખાવ પુરતું જ અને વાહિયાત હોય છે જેમ તેમ કરીને જમા-ઉધાર સરખાં કરી નાખે છે. યાદ કરીને સાચી વિગત લખવાનો તેમનો આગ્રહ નથી હોતો. એ તો બસ, તાળો મેળવી દેવાની ઉતાવળમાં હોય છે. ઘણી ગૃહિણીઓના હિસાબની ડાયરી જોઈએ ત્યારે ઘણી રમૂજો જોવા મળે છે. ઘર માટે શાકભાજીથી માંડીને કરિયાણું-કટલરી લાવે એમાં તે પોતાનું કમિશન રાખે. ખરીદીની કિમત ચૂકવી હોય એના કરતાં વધારે રકમ લખી હોય. જો કે કુશળ ગૃહિણીઓ એ રીતે પ્રાઈવેટ સેવિંગ કરે છે. અને ક્યારેક તો પતિને મદદરૂપ પણ થાય છે. આકસ્મિક ખર્ચ આવી જાય ત્યારે ગૃહિણીની એ ખાનગી બચત આશીર્વાદરૂપ લાગે છે.